RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 87* Date: 23.01.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ભારત હજુ પણ ખાદ્યતેલની આયાત પર નિર્ભર

## નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે



નવીદિલ્હી,તા.૨૨

હવે જયારે ૧ ફેબ્રુઆરીએ બજેટ રજૂ થશે ત્યારે સરકાર પોષણક્ષમ દરે લોન, ખેતી માટે નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન, કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષિ ઉત્પાદનોની નિકાસ, પાક વૈવિધ્યકરણ માટે પ્રોત્સાહનો, યુરિયા પર ઓછી નિર્ભરતા અને કૃષિ ક્ષેત્રનો વિકાસ જેવા પદ્ધતિસરના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઈન્ડિયા ઈન્ફોલાઈનના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ બજેટમાં નાના ખેડૂતો માટે લોનની સુવિધા સુધારવા પર ધ્યાન આપવાની જરૂર છે. ભારતમાં નાના ખેડૂતોની સંખ્યા સૌથી વધુ છે અને જો તેમને સમયસર લોન સરળતાથી મળી જાય તો પરિસ્થિતિ સુધરશે. તે જ સમયે, પાક વીમો ખેડૂતને અનુકૂળ હોવો જોઈએ અને તેમાં વિગતવાર ધ્યાન આપવું જોઈએ. તો રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, કૃષિ ક્ષેત્રને નવી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કરવાની સમયની જરૂરિયાત છે. ડ્રીપ અને લિફ્ટ ઈરીગેશન જેવી તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરીને બિનપિયત વિસ્તારમાં મોટો ફેરફાર લાવી શકાય છે. આ ટેક્નોલોજીઓને પ્રોત્સાહન આપવા માટે સરકાર ટેક્સમાં છૂટ, ઓછા વ્યાજની લોન અને પ્રોત્સાહનો આપવાનું વિચારી શકે છે.નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ કેન્દ્રીય બજેટ રજૂ કરશે. આ બજેટથી કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોને ઘણી આશાઓ છે. વડાપ્રધાને ૨૦૧૫માં કહ્યું હતું કે અમારી સરકાર ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે કામ કરશે. આ વર્ષ ૨૦૨૨નું વર્ષ છે અને ખેડૂતોની અપેક્ષા છે કે સરકાર કેટલાક એવા નિર્ણયો લે જેની સીધી અસર ખેડૂતોની આવક પર પડે. ખેડૂતોની અપેક્ષા પણ વધી છે કારણ કે લઘુત્તમ ટેકાના ભાવ દર વર્ષે વધી રહ્યા છે અને સરકારે ત્રણ કૃષિ કાયદાઓ પાછા ખેંચી લીધા છે. ભારત હજુ પણ ખાદ્યતેલની આયાત પર નિર્ભર છે. ખાદ્ય તેલની જરૂરિયાતો પૂરી કરવા માટે સરકારને દર વર્ષે ૧૦ બિલિયન ડૉલર ખર્ચવા પડે છે. આ બજેટમાં સરકારે તેલીબિયાંના ઉત્પાદન પર વિશેષ ધ્યાન આપવાનો પ્રયાસ કરવો જોઈએ જેથી કરીને આયાત પરની નિર્ભરતા દૂર થાય. અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે ભારત ૧૯૯૦માં ખાદ્ય તેલમાં આત્મનિર્ભર બન્યું હતું, પરંતુ બાદમાં સ્થિતિ વધુ ખરાબ થઈ હતી. નીતિઓ દ્વારા, સરકારે આ ક્ષેત્રમાં વ્યાપક ફેરફારો કરવા જોઈએ. તાજેતરના વર્ષોમાં ઓર્ગેનિક ખેતી તરફ ખેડૂતોનું વલણ વધ્યું છે. કેટલાક રાજ્યોમાં સરકારો પાક વૈવિધ્યકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ બજેટમાં નાણામંત્રીએ જૈવિક ખેતી અને પાક વૈવિધ્યકરણ માટે પ્રોત્સાહક યોજના શરૂ કરવી જોઈએ. જો ખેડૂતો બાજરી જેવા પોષણથી ભરપૂર પાકની ખેતી કરે છે, તો તે ભારતને પેરિસ કરાર હેઠળ નિર્ધારિત લક્ષ્યાંક હાંસલ કરવામાં પણ મદદ કરશે. આપણા દેશના ખેડૂતો ખાતરની બાબતમાં યુરિયા પર સૌથી વધુ નિર્ભર છે. પોટાશ અને ફોસ્ફેટિક ખાતરોના ભાવ કરતાં યુરિયાનો દર ઓછો છે. આ જ કારણ છે કે તેનો સૌથી વધુ ઉપયોગ થાય છે, પરંતુ યુરિયાના કારણે જમીન અને ફળદ્રુપતા પર ખરાબ અસર પડી રહી છે. જો સરકાર યુરિયા પરની નિર્ભરતા ઘટાડવા માટે પગલાં ભરે તો આવનારા સમય માટે તે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે.વાવણી પહેલા અને લણણી પછીની માળખાકીય સ્થિતિ સારી નથી. જો સરકાર મોબાઈલ સોઈલ ટેસ્ટીંગ લેબ, કોલ્ડ સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને વેરહાઉસીંગ માટે બજેટમાં ખાસ જોગવાઈ કરે તો ખેડૂતોને સીધો લાભ મળશે.

## લતા મંગેશકર આઈસીયુમાં દાખલ છે ત્યારે ડોક્ટરની સલાહ પ્રાર્થના કરો

મુંબઈ,તા.૨૨

ભારત રત્નનો ખિતાબ ધરાવનાર ભારતના સુરસામ્રાજ્ઞી અને લાખો ફેન્સના દિલો પર પોતાના અવાજનો જાદુ પાથરનાર લત્તા મંગેશકરના સ્વાસ્થ્યને લઈને ચિંતાનો માહોલ છે..દુનિયાભરના ફેન્સ તેઓ જલદી સાજા થઇ જાય તે માટે પ્રાર્થના કરી રહ્યા છે. તેમના ડોક્ટર પણ લત્તાજીના સ્વાસ્થ્ય અંગે અપડેટ આપી રહ્યા છે. મહત્વનુ છે કે ૯૨ વર્ષીય લત્તા મંગેશકરને ૮ જાન્યુઆરીએ કોરોના પોઝિટીવ આવ્યો હતો. તેઓને ન્યુમોનિયા પણ થયો છે. આવામાં ડોક્ટર્સ તેમની ઉંમર વધારે હોવાથી સતર્ક થઇ ગયા છે. હાલમાં તેઓને આઈસીયૂમાં રાખવામાં આવ્યા છે. થોડા દિવસ પહેલા ડોક્ટર્સે જણાવ્યુ હતુ કે હાલ તેઓને ૧૦-૧૨ દિવસ હોસ્પિટલમાં રાખવામાં આવશે. જેથી ડોક્ટરની દેખરેખ હેઠળ સારો ઈલાજ થઇ શકે. સૌથી બેસ્ટ ડોક્ટર લતાજીની સારવાર કરી રહ્યા છે. લતા મંગેશકરના પરિવારજન અને કરોડો ફેન્સ બસ એજ પ્રાર્થના કરી રહ્યા છે કે તેઓ જલ્દીથી સાજા થઇને પોતાના ઘરે જાય.લત્તા મંગેશકરના ડોક્ટર પ્રતીત સમદાનીએ સિંગરના સ્વાસ્થ્યને લઇને જાણકારી આપતા જણાવ્યુ છે કે લતાજી હાલમાં પણ આઈસીયૂમાં છે. તેમની સારવાર ચાલી રહી છે. આનાથી વધારે હું કંઇ કહી શકુ તેમ નથી. બસ તેઓ જલ્દી સાજા થઇ જાય તેવી પ્રાર્થના કરો.

## મુંબઈની બહુમાળી ઈમારતમાં ભીષણ આગ : ૭ના મોત

મુંબઈ,તા.૨૨

મુંબઈમાં ભાટિયા હોસ્પિટલ નજીક ૨૦ માળની એક બહુમાળી ઈમારતમાં આગ લાગી હતી. આ ભીષણ આગમાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા હોવાના સમાચાર મળી રહ્યા છે.મળતી માહિતી મુજબ શહેરના ગોવાલિયા ટાંકી વિસ્તારમાં નાના ચોક પર આવેલી કમલા બિલ્ડીંગના અઢારમા માળે સવારે ૭:૩૦ વાગ્યે આ આગ લાગી હતી. ઘાયલ થયેલા લોકોને હાલ સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.હાલ ૧૩ ફાયર બ્રિગેડનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો છે. આ ભીષણ આગને કાબુમાં કરવા હાલ મથામણ કરવામાં આવી રહી છે. આ પહેલા ૧૦ જાન્યુઆરીના રોજ મુંબઈ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી હતી. અહી મુસાફરોથી ભરેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને ટોઈંગ કરતા વાહનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. થોડી જ વારમાં એરપોર્ટના રનવે પર આગ લાગતા લોકોમાં અફરા તફરીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે, ફાયર બ્રિગેડ દ્વારા સમયસર આગ પર કાબુ મેળવી લેવામાં આવતા મોટી જાનહાનિ ટળી હતી. જ્યારે એજ દિવસે મુંબઈના ભાયખલા વિસ્તારમાં આગની ઘટના બની હતી. ભાયખલા વિસ્તારમાં આવેલા લાકડાના ગોડાઉનમાં સવારે ભીષણ આગ લાગી હતી. અચાનક લાગેલી આગનાકારણે આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. અહેવાલો અનુસાર, આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ૮ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સાથે જ એમ્બ્યુલન્સ પણ સ્થળ પર તૈયાર રાખવામાં આવી હતી.ત્યારે વારંવાર શહેરમાં આગ લાગવાની ઘટનાને લઈને હાલ તંત્ર પર સવાલો ઉઠી રહ્યા છે.

## ITના પોર્ટલમાં કોઈ મુશ્કેલી નહીં પડે, TAR ફાઈલ કરવા મેલ આઈડી બનાવ્યું : સીબીડીટી

નવીદિલ્હી,તા.૨૨

આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ઓડિટ રિપોર્ટ અને આવકવેરા રિટર્ન ફઈલ કરવા માટે નવુ પોર્ટલ બનાવેલુ છે. જો કે, ટેકનિકલ ખામીને લીધે અનેક લોકોને તેના TAR અને ITR રિપોર્ટ ફાઈલ કરવામાં તકલીફ પડતી હોવાથી ફિઝિકલ ફાઈલિંગની મંજૂરી આપવાની માગ સાથે હાઈકોર્ટમાં અરજી કરાઈ હતી.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્સિસના ચેરમેને હાઈકોર્ટમાં જવાબ રજૂ કર્યો છે કે, લોકોને તેમના ટેક્સ ઓડિટ રિપોર્ટ અને આવકવેરા રિટર્ન ફઈલ કરવામાં આવકવેરા વિભાગના પોર્ટલ પર કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડશે નહી. લોકોને TAR મોકલવા માટે ઈ-મેઈલ આઈડી બનાવવામાં આવેલું છે. અત્યાર સુધીમાં છ કરોડથી વધુ ઈક્મ ટેક્સ રિટર્ન ઓનલાઈન ભરાયા છે. સુનાવણી દરમિયાન, હાઈકોર્ટમાં ઈક્મટેક્સના સિસ્ટમ વિભાગના ડાયરેક્ટર જનરલ અને ઈક્મ ટેક્સ વિભાગના એડિશનલ ડીજી ઓનલાઈન હાજર રહ્યા હતા. સુનાવણી બાદ, હાઈકોર્ટે અરજીનો નિકાલ કર્યો છે. હાઈકોર્ટે બંને અધિકારીઓને નિર્દેશ આપ્યા છે કે, TARની જેમ ITR ફઈલ કરવા માટે પણ ઈ-મેઈલ આઈડી બનાવો. જેથી લોકોને રાહત રહે. આ સમયે, બંને અધિકારીઓએ ખાતરી આપી છે કે આ નિર્દેશનું પાલન કરાશે. ભૂતકાળમાં CBDT ફિઝિકલ ફઈલિંગની માગને નકારેલી છે. બીજી તરફ, TAR અને ITR નિર્ધારિત સમયમાં ન ભરાય તો પેનલ્ટી અને વ્યાજ ભરવામાંથી મુક્તિ આપવા અંગે થયેલી અરજી પર સુનાવણી પડતર છે.

## સમગ્ર દેશમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો

નવીદિલ્હી,તા.૨૨

દેશમાં સંક્રમિતોની સંખ્યા ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખને વટાવી ગઈ હતી.ઉપરાંત દેશમાં ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ કુલ કેસ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ ૯૦ લાખને પાર કરી ગયા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા બે કરોડને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ના રોજ, ત્રણ કરોડને વટાવી ગઈ હતી.ત્યારે હાલ ફરીએક વાર દેશમાં કોરોના સંક્રમણ વધતા તંત્રની ચિંતા વધી છે.સમગ્ર દેશમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ સંક્રમિતોની સંખ્યા ૩ લાખને પાર




પહોંચી ગઈ છે. શનિવારે દેશમાં કોરોના વાયરસના ૩,૩૭,૭૦૪ નવા કેસ નોંધાયા છે અને ૪૮૮ દર્દીઓના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આ માહિતી આપવામાં આવી છે. દેશમાં કોવિડ-૧૯ની સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા વધીને ૨૧,૧૩,૩૬૫ થઈ ગઈ છે, જે કુલ કેસના ૫.૪૩ ટકા છે. જયારે રિકવરી રેટ પણ વધીને ૯૩.૩૧ ટકા પર પહોંચ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૨,૪૨,૬૭૬ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે, આ સાથે કુલ સાજા થનાર દર્દીઓનો આંકડો ૩,૬૩,૦૧,૪૮૨ પર પહોંચ્યો છે. ઉપરાંત ઓમિક્રોનના અત્યાર સુધીમાં ૧૦,૦૫૦ કેસ મળી આવ્યા છે, જેમાં શુક્રવાર કરતા ૩.૬૯ ટકાનો વધારો થયો છે. હાલમાં, દૈનિક પોઝિટિવિટી રેટ ૧૭.૨૨ ટકા છે અને સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૧૬.૬૫ ટકા છે. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૬૧.૧૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. તેમજ જો કોવિડ -૧૯ ના પરીક્ષણની વાત કરીએ તો, અત્યાર સુધીમાં ૭૧.૩૪ કરોડ લોકોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯,૬૦,૯૫૪ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં કોવિડ-૧૯ રસીકરણનો વ્યાપ વિસ્તારવામાં અને લોકોને રસી આપવાની ગતિને વેગ આપવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી મફત અને સીધી રાજ્ય સરકારની પ્રાપ્તિ ચેનલો દ્વારા રાજ્યોને રસીના ૧૬૦.૫૮ કરોડ (૧,૬૦,૫૮,૧૩,૭૪૫) થી વધુ ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

## કેન્દ્ર સરકાર સ્વાનિધિ યોજના હેઠળ ખાતામાં ૧૦ હજાર જમા કરશે

,નવીદિલ્હી,તા.૨૨

કેન્દ્રની મોદી સરકારે દેશના ગરીબ અને આર્થિક રીતે પછાત લોકો માટે વિવિધ યોજનાઓ રજૂ કરી છે. તેમાંથી એક ઁ સ્વાનિધિ યોજના છે. આ યોજના હેઠળ રૂ. ૧૦,૦૦૦ સુધીની નાણાકીય મદદ શેરી વિક્રેતાઓને આપવામાં આવે છે. જો તમે આ લોન સમયસર ચૂકવો છો તો સબસિડી પણ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે તમારે તમારા મોબાઈલ નંબરને આધાર સાથે લિંક કરવાની જરૂર છે.આ યોજના હેઠળ રૂ. ૧૦,૦૦૦ શેરી વિક્રેતાઓને એક વર્ષ માટે કોઈપણ ગેરંટી વિના આપવામાં આવે છે. તમે માસિક ધોરણે લોનની ચુકવણી કરી શકો છો. જો શેરી વિક્રેતા પીએમ સ્વાનિધિ યોજનામાં લોનની નિયમિત ચુકવણી કરે છે તો તેને વાર્ષિક ૭% ના દરે વ્યાજ પર વ્યાજ સબસિડી આપવાની જોગવાઈ છે. વ્યાજ સબસિડીની રકમ ત્રિમાસિક ધોરણે લાભાર્થીના બેંક ખાતા ડી.બી.ટીમાં સીધી મોકલવામાં આવશે.કોરોના રોગચાળાએ નાના ઉદ્યોગો અને રોજમદાર શ્રમજીવીઓને સૌથી વધુ અસર કરી છે. હવે આ ઉદ્યોગ ધીમે ધીમે ફરી શરૂ થયો છે. દેશમાં હજુ પણ મોટી સંખ્યામાં એવા લોકો છે જેઓ ફેરિયાઓ કે સ્ટ્રીટ વેન્ડર તરીકે પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા પરંતુ તેમનો વેપાર ધંધો શરૂ થયો નથી.

આવા લોકોએ પરેશાન થવાની જરૂર નથી. કેન્દ્ર સરકાર રૂ. ૧૦ હજારની નાણાકીય સહાય સીધી તેમના ખાતામાં જમા કરી રહી છે, યોજના હેઠળ લોન લેનારનો મોબાઈલ નંબર આધાર સાથે લિંક હોવો જરૂરી છે. આ લોન ફક્ત તે જ લોકોને મળશે જેઓ ૨૪ માર્ચ, ૨૦૨૦ ના રોજ અથવા તે પહેલા પોતાનો મોબાઈલ નંબર આધાર સાથે લિંક કર્યો હશે યોજના માર્ચ ૨૦૨૨ સુધી માન્ય છે તેથી જલ્દી પ્રક્રિયા પૂર્ણ કરો. સ્ટ્રીટ વેન્ડર, શહેરી હોય કે અર્ધ-શહેરી કે ગ્રામીણ આ લોન મેળવી શકે છે. આ લોન પર વ્યાજ સબસિડી આપવામાં આવે છે અને રકમ ત્રિમાસિક ધોરણે ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. કોઈ ગેરંટીની જરૂર નથી.

## લદ્દાખમાં ૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો

લદ્દાખ,તા.૨૨

લદ્દાખ પહેલા આ અઠવાડિયાની શરૂઆતમાં મણિપુરના ચુરાચંદપુરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જ્યાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ માપવામાં આવી હતી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર મંગળવારે સવારે લગભગ ૭.૫૨ વાગ્યે ભૂકંપના આંચકાથી ધરતી ધ્રૂજી ઉઠી હતી. જો કે, આ ભૂકંપમાં કોઈ જાન-માલના નુકસાનના અહેવાલ નથી. નેશનલ સેન્ટરે જણાવ્યુ હતુ કે, મિઝોરમના નાગોપાથી ૪૬ કિમી પૂર્વ-ઉત્તર પૂર્વમાં ચુરાચંદપુરમાં આંચકા અનુભવાયા હતા. તે જ દિવસે અરુણાચલ પ્રદેશના ઉત્તર-પશ્ચિમમાં આવેલા બસરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૯ માપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, સવારે ૪:૩૦ વાગ્યે આંચકા અનુભવાયા હતા. ડિઝાસ્ટર કીટ બનાવો જેમાં રેડિયો, મોબાઈલ, જરૂરી કાગળો, ટોર્ચ, માચીસ, ચપ્પલ, મીણબત્તી, થોડા પૈસા અને જરૂરી દવાઓ હોય. ભૂકંપ આવે તો તરત જ વીજળી અને ગેસ બંધ કરો. આટલું જ નહી લિફ્ટનો ઉપયોગ પણ બિલકુલ ન કરો. જ્યારે પણ આંચકા અનુભવાય, તરત જ ખુલ્લા વિસ્તારમાં દોડી જાઓ અને ઝાડ અને પાવર લાઇનથી દૂર રહો. ભૂકંપને સિસ્મોગ્રાફ વડે માપવામાં આવે છે.

### કેન્દ્ર સરકારની રાજ્ય સરકારોને પત્ર લખી સલાહ

## કોરોનામાં સાજા થયા પછી ૩ મહિના સુધી કોઈ વેક્સિન ન આપો

નવીદિલ્હી,તા.૨૨

દેશમાં ૨૦ લાખથી વધુ સક્રિય કેસ છે બીજી તરફ, કોરોના દેશમાં સતત કહેર મચાવી રહ્યો છે અને ઝડપથી આગળ વધી રહ્યો છે અને સતત ૨ દિવસથી ૩ લાખથી વધુ વાયરસના કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ગઈકાલે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૪૭,૨૫૪ નવા કેસ નોંધાયા છે. દેશમાં સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૩,૮૫,૬૬,૦૨૭ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં કોરોના સક્રિય કેસની સંખ્યા વધીને ૨૦,૧૮,૮૨૫ થઈ ગઈ છે, જે કુલ કેસના ૫.૨૩ ટકા છે. દેશમાં ૨૩૫ દિવસમાં સક્રિય કેસની આ સંખ્યા સૌથી વધુ છે.

દેશમાં સંક્રમણને કારણે વધુ ૭૦૩ લોકોના મોત થયા બાદ મૃત્યુઆંક વધીને ૪,૮૮,૩૯૬ થઈ ગયો છે. દેશમાં દર્દીઓના સાજા થવાનો રાષ્ટ્રીય દર ઘટીને ૯૩.૫૦ ટકા થઈ ગયો છે.તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લખેલા તેમના પત્રમાં, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અધિક સચિવ વિકાસ શીલે કહ્યું છે કે કોવિડ રોગથી ગ્રસ્ત વ્યક્તિઓને સાવચેતીના ડોઝ આપવા અંગે માર્ગદર્શન માટે વિવિધ ક્ષેત્રો તરફથી વિનંતીઓ મળી છે. તેમણે કહ્યું, "કૃપા કરીને નોંધ કરો કેઃ- લેબ ટેસ્ટમાં કોરોના રોગચાળાથી સંક્રમિત થયાની પુષ્ટિ થઈ હોય તેવા લોકો માટે SARS-2 COVID-19માંથી પુનઃપ્રાપ્તિ પછી આગામી ૩ મહિના માટે સાવચેતીના ડોઝ સહિત તમામ કોવિડ રસીકરણ સ્થગિત કરવામાં આવશે." કેન્દ્રએ હવે શુક્રવારે તેના નવા આદેશમાં કહ્યું છે કે કોરોના વાયરસથી સંક્રમિત લોકો માટે રોગચાળામાંથી છૂટકારો મેળવ્યા બાદ સાવચેતીના ડોઝને પણ આગામી ૩ મહિના માટે મોકૂફ રાખવા જોઈએ. એ પણ કહ્યું કે કોરોનાથી સંક્રમિત લોકોને સાજા થયા પછી આગામી ૩ મહિના સુધી કોઈ ડોઝ ન આપવો જોઈએ. કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે, આ વર્ષની શરૂઆતથી દેશમાં સાવચેતીના ડોઝ શરૂ કરવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### વિશ્વના અનેક દેશોમાં ઓમિક્રોન તબાહી મચાવી રહ્યું છે




લેટિન અમેરિકા અને એશિયાના કેટલાક દેશો જ્યાં ઓમિક્રોન વેરિઅન્ટના કેસ વધી રહ્યા છે. તેઓ પ્રતિબંધ લાદી રહ્યા છે. સૌ પ્રથમ, ઓમિક્રોન દક્ષિણ આફ્રિકા, બ્રિટન અને અમેરિકા જેવા દેશોમાં ઝડપથી ફેલાયો છે. છેલ્લા લગભગ એક સપ્તાહમાં અમેરિકામાં કોરોના સંક્રમણના લગભગ ૭૨ લાખ કેસ નોંધાયા છે અને ૧૫ હજારથી વધુ લોકોના મોત થયા છે. બોલિવિયા, બ્રાઝિલ, કોલંબિયા અને પેરુમાં ચેપ ઝડપથી વધી રહ્યો છે અને આર્જેન્ટિના, પેરાગ્વે અને ઉરુગ્વેમાં હોસ્પિટલમાં દાખલ થવાની સંખ્યા વધી રહી છે. ફિલિપાઇન્સ સહિત એશિયામાં પણ સંકર્મણના કેસ વધી રહ્યો છે. એશિયામાં, દક્ષિણ કોરિયાએ આ અઠવાડિયે મેળાવડા પરના તેના પ્રતિબંધોને સહેજ હળવા કર્યા છે ચીનના બેઇજિંગમાં વર્ગો ઓનલાઈન કરી દીધા છે અને કેટલીક ઓફિસ બિલ્ડીંગો બંધ કરી દેવામાં આવી છે. દરમિયાન, જાપાન વધતા સંકર્મણને કારણે કડક સરહદ નિયંત્રણ જાળવી રહ્યું છે. હોંગકોંગના સત્તાવાળાઓએ કેટલાક વ્યવસાયો, જેમ કે સંગ્રહાલયો અને જીમ, ઓછામાં ઓછા ફેબ્રુઆરીની શરૂઆત સુધી બંધ રાખવાનો આદેશ આપ્યો છે. યુરોપિયન દેશો અને અમેરિકામાં પણ ઓમિક્રોન વેરિઅન્ટના કેસ નોંધપાત્ર રીતે વધી રહ્યા છે. તાજેતરમાં, અમેરિકાના બાયડન પ્રશાસને કહ્યું હતું કે તે ૪૦ કરોડ દ્ર-૯૫ માસ્ક તૈયાર કરવાનું કામ શરૂ કરશે. આ માસ્ક અમેરિકામાં સામાન્ય લોકોમાં વહેંચવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ નિર્ણય અમેરિકી નાગરિકોને કોવિડ-૧૯ના ઓમિક્રોન વેરિઅન્ટથી બચાવવામાં મદદ કરવા માટે લેવામાં આવ્યો છે. વ્હાઇટ હાઉસે કહ્યું કે આ માસ્ક સરકારની નેશનલ સ્ટોકપાઇલ સ્ટ્રેટેજી હેઠળ બનાવવામાં આવશે, જેના હેઠળ ૭૫ કરોડ હાઇ-પ્રોટેક્શન માસ્કનું ઉત્પાદન થઈ ચૂક્યું છે.લેટિન અમેરિકા અને એશિયામાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના કેસમાં ધરખમ વધારો થયો છે. કોસ્ટા રિકામાં અધિકારીઓ કોરોના વાયરસથી સંક્રમિત લોકોને આગામી રાષ્ટ્રીય ચૂંટણીમાં મતદાન ન કરવા પ્રોત્સાહિત કરી રહ્યા છે. બીજી બાજુ, બેઇજિંગ રહેણાંક સમુદાયોને બંધ કરી રહ્યું છે કારણ કે દેશ ૪ ફેબ્રુઆરીએ વિન્ટર ઓલિમ્પિકની શરૂઆતની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. તો બીજી તરફ ઓમિક્રોન તબાહી મચાવી રહ્યું છે.

# દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં સાબરકાંઠાના પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરોની કથા ઉજાગર કરતો ટેબ્લો

### આઝાદીના અમૃત મહોત્સવ પર્વે જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ ગુજરાતની ઘટના વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરાશે

સ્ભારત રાષ્ટ્ર આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ગુજરાત આ વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ટેબ્લોના માધ્યમથી આઝાદીના સંગ્રામમાં ગુજરાતના આદિવાસીઓના યોગદાનને ઉજાગર કરશે. 'ગુજરાતના આદિવાસી ક્રાંતિવીરો' વિષયક ટેબ્લોમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના પાલ અને દઢવાવ ગામમાં અંગ્રેજોએ જલિયાંવાલા બાગ કરતાં પણ વધુ ભીષણ હત્યાકાંડ સર્જ્યો હતો, જેમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ શહીદ થયા હતા. અત્યાર સુધી અજાણી રહેલી આ ઐતિહાસિક ઘટનાને ૧૦૦ વર્ષ થઇ રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર ટેબ્લોના માધ્યમથી ગુજરાતના આદિવાસીઓની શૌર્યગાથાને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરશે.

જલિયાંવાલા બાગ કરતાં પણ ભીષણ પાલ-દઢવાવની આ ઐતિહાસિક ઘટના શું છે ? :

આજથી ૧૦૦ વર્ષ પહેલાંની આ વાત... તા. ૭મી માર્ચ ૧૯૨૨. ગુજરાતના અંતરિયાળ વિસ્તાર - સાબરકાંઠા જિલ્લામાં ભીલ આદિવાસીઓની વસ્તીવાળા ગામો પાલ, દઢવાવ, ચિતરીયાના ત્રિભેટે હેર નદીના કાંઠે ભીલ આદિવાસીઓ જમીન મહેસુલ વ્યવસ્થા, જાગીરદારો અને રજવાડાના કાયદાઓનો વિરોધ કરવા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં એકત્ર થયા હતા.

આદિવાસી બહુમતીવાળા કોલિયારી ગામમાં, વણિક પરિવારમાં જન્મેલા શ્રી મોતીલાલ તેજાવત કરુણા, આત્મીયતા અને નિર્મળ પ્રેમના ગુણો ધરાવતા સાહસિક અને સ્વાભિમાની વ્યક્તિ હતા. આદિવાસીઓ પર થતા બેસુમાર અત્યાચાર અને શોષણના વિરોધમાં તેમનામાં સંવેદનાની સરવાણી ફૂટી હતી. સત્ય,વફાદારી, સમર્પણ અને વિશ્વાસ જેવા તેમના સદ્‌ગુણો આદિવાસીઓને સ્પર્શી ગયા હતા. આદિવાસી કિસાનોમાં એકતા માટે, તેમનામાં રહેલા સામાજિક દુષણોને નાથવા માટે શ્રી મોતીલાલ તેજાવતે પ્રયત્નો કર્યા હતા. બ્રિટિશ તંત્ર અને દેશી રજવાડાઓને શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં ભીલ આદિવાસીઓની એકતા અને પ્રવૃત્તિઓ વિઘાતક લાગી હતી.

૧૯૧૯ ની ૧૩મી એપ્રિલે પંજાબના અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં ૬૦૦ જેટલા નિર્દોષ નાગરિકોની હત્યા થઈ હતી... ૧૯૨૦ માં કલકત્તામાં પૂ. ગાંધીજીએ અસહકાર આંદોલનની શરૂઆત કરી દીધી હતી. સમગ્ર દેશમાં આઝાદીના સંગ્રામનાની શરૂઆત થઈ ગઈ હતી. ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં, અરવલ્લીની ગિરિમાળાઓમાં ખુમારીભર્યું જીવન જીવતા ભીલ આદિવાસીઓમાં પણ અંગ્રેજો અને સામંતોના શોષણ, આકરા કરવેરા તથા વેઠપ્રથા સામે વિરોધનો સૂર પ્રગટ્યો હતો.

હોળીના દિવસો નજીક હતા... તે દિવસે આમલકી અગિયારસ હતી. 'કોલિયારીના ગાંધી' તરીકે ઓળખાતા શ્રી મોતીલાલ તેજાવતના નેતૃત્વમાં આઝાદી ઝંખતા આદિવાસી પ્રજાજનો મેળે મળ્યા હતા, જંગી સભા સ્વરૂપે ભેગા થયા હતા... ત્યાં જ મેવાડ ભીલ કોર્પ્સ (એમ. બી. સી.) નામના બ્રિટિશ અર્ધલશ્કરી દળના હથિયારબંધ જવાનો જરામરાની ટેકરીઓ પર ગોઠવાઈ ગયા. એમ.બી.સી. ના અંગ્રેજ ઓફિસર મેજર એચ.જી. સટર્ને હજારોની સંખ્યામાં એકત્ર થયેલા આદિવાસીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. લગભગ ૧૨૦૦ જેટલા નિર્દોષ આદિવાસીઓ ગોળીએ વીંધાઈ ગયા. આદિવાસીઓના નર્તન અને ઢોલના નાદ મશીનગનમાંથી છૂટથી ગોળીઓના અવાજમાં કાયમ માટે વિલાઈ ગયા... ચોમેર લાશોના ઢગલા ખડકાઈ ગયા. લડાઈના મેદાનની જેમ આખું મેદાન લાશોથી ભરાઈ ગયું હતું. બાજુમાં આવેલા ઢેખડીયા કુવા અને દુધિયા કૂવા ૧૨૦૦ જેટલા નિર્દોષ આદિવાસીઓના મૃતદેહોથી ઉભરાઈ ગયા હતા. શ્રી મોતીલાલ તેજાવતને પણ બે ગોળી વાગી હતી, તેમના સાથીદારો તેમને ઊંટ પર નાખીને નદી માર્ગે ડુંગરા તરફ લઈ ગયા હતા.

આજે પણ આ વિસ્તારના આદીવાસીઓ પોતાના લગ્ન ગીતોમાં આ ઘટનાના ગાણા ગૌરવભેર ગાય છે.

જલિયાંવાલા બાગની ઘટનાના ત્રણ વર્ષ પછી ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં બનેલી આ ભીષણ ઘટનાને ઇતિહાસે ભૂલાવી દીધી હતી, પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ઇતિહાસના આ પૃષ્ઠને દુનિયા સમક્ષ ઉજાગર કર્યું હતું. આજે આ વિસ્તારમાં શહીદ સ્મૃતિ વન અને શહીદ સ્મારક આ હત્યાકાંડના સાક્ષી સમા ઉભા છે.

'ગુજરાતના આદિવાસી ક્રાન્તિવીરો': ગુજરાતના આ ટેબ્લોની વિશેષતા શું છે? :

પ્રજાસત્તાક દિવસની પરેડમાં નવી દિલ્હીના રાજપથ પર પ્રસ્તુત થનારા ગુજરાતના ૪૫ ફૂટ લાંબા, ૧૪ ફૂટ પહોળા અને ૧૬ ફૂટ ઊંચા આ ટેબ્લોમાં પાલ-દઢવાવના આદિવાસી ક્રાંતિવીરો પર અંગ્રેજોના અંધાધૂંધ ગોળીબારની ઘટનાને પ્રસ્તુત કરવામાં આવી છે. આદિવાસી નાગરિકો જેને 'કોલીયારીનો ગાંધી' કહે છે તે શ્રી મોતીલાલ તેજાવતનું સાત ફૂટનું આબેહૂબ સ્ટેચ્યુ ટેબ્લોની ગરિમા વધારે છે. ઘોડેસવાર અંગ્રેજ અમલદાર એચ.જી.સટર્નનું સ્ટેચ્યુ પણ શિલ્પકલાનું બેનમૂન ઉદાહરણ છે. આ ઉપરાંત ટેબ્લો પર અન્ય છ સ્ટેચ્યુ છે. ટેબ્લો પર છ લાઈવ આર્ટિસ્ટ પણ હશે, જે સ્ટેચ્યુ સાથે ઓતપ્રોત થઈને પોતાના જીવંત અભિનયથી ઘટનાની ગંભીરતાનો આબેહૂબ ચિતાર રજૂ કરશે.



ટેબ્લોની ફરતે પાંચ મ્યુરલ છે. શિલ્પકલા અને ચિત્રકલાના અદ્ભુત સમન્વયસમા આ મ્યુરલ આદિવાસી ક્રાંતિવીરોની સભાના દ્રશ્યોને અસરકારક રીતે પ્રસ્તુત કરે છે. ટેબ્લો પર બન્ને તરફ બે કુવા છે, ઢેખળીયો કૂવો અને દુધિયો કુવો; કે જે શહીદ આદિવાસીઓની લાશોથી ભરાઈ ગયા હતા તેનું નિરુપણ કરે છે.

ટેબ્લોના અગ્રભાગમાં હાથમાં મશાલ લઈને ક્રાંતિની મિશાલ આપતા ચાર આદિવાસી ક્રાંતિવીરોના સ્ટેચ્યુ છે. ચાર ફૂટ ઊંચા આ સ્ટેચ્યુ સ્વાધીનતા સંગ્રામમાં આદિવાસીઓના શૌર્ય, સાહસ અને સમર્પણને ઉજાગર કરે છે.

સાબરકાંઠા જિલ્લાના આ વિસ્તારમાં આદિવાસી નાગરિકો પોતાની મનોકામના પૂર્ણ થાય તેવા ઉદ્દેશથી દેવને માટીના ઘોડા ભક્તિભાવપૂર્વક અર્પણ કરે છે. માટીકલાના વિશિષ્ટ નમૂનારૂપ વિશેષપ્રકારના આ ઘોડા સાબરકાંઠા જિલ્લાની ઓળખ છે. ટેબ્લોની બન્ને તરફ આવા બે-બે ઘોડા પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

ટેબ્લો સાથે સાબરકાંઠા જિલ્લાના જ આદિવાસી કલાકારો નવી દિલ્હીમાં પરંપરાગત ગેર નૃત્ય પ્રસ્તુત કરશે. પરંપરાગત પોષાકોમાં સજ્જ આ ૧૦ જેટલા આદિવાસી કલાકારો પોશીના તાલુકાના છે. પોતાના પૂર્વજોના બલિદાનની આ અભૂતપૂર્વ ઘટનાની પ્રસ્તુતિમાં તેઓ પણ પોતાનું યોગદાન આપશે. સાબરકાંઠા જિલ્લાના જ વાદ્યકારો અને ગાયકો દ્વારા પરંપરાગત વાજિંત્રોના વાદન સાથે તૈયાર કરવામાં આવેલો મ્યુઝીક ટ્રેક પ્રસ્તુત થશે. આદિવાસી કલાકારો આ સંગીત સાથે ગેર નૃત્યની પ્રસ્તુતિ કરશે. એટલું જ નહીં પાલ-દઢવાવના આદિવાસીઓની શૌર્યગાથાનું વર્ણન કરતાં ગીતો આજે પણ આ વિસ્તારમાં આદિવાસીઓ લગ્ન જેવા શુભ પ્રસંગોએ લોકબોલીમાં ગાય છે અને પોતાના વીર પૂર્વજોનું સ્મરણ કરે છે. શ્રી મોતીલાલ તેજાવતને 'કોલીયારી નો વાણિયો ગાંધી' જેવું સંબોધન કરતું આદિવાસીઓએ જ લોકબોલીમાં ગાયેલું ગીત પણ ટેબ્લો સાથે પ્રસ્તુત કરાશે.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ પ્રસ્તુત કરાતા આ ટેબ્લોના નિર્માણમાં સચિવ શ્રીમતી અવંતિકાસિંઘ, માહિતી નિયામક શ્રી ડી. પી. દેસાઈ અને વિષય નિષ્ણાત,ઈતિહાસકાર-લેખક શ્રી વિષ્ણુભાઈ પંડ્યાના માર્ગદર્શનમાં શ્રી પંકજભાઈ મોદી અને નાયબ માહિતી નિયામક શ્રી હિરેન ભટ્ટ યોગદાન આપી રહ્યા છે. ટેબ્લોનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ પ્રાઈવેટ લિમિટેડના શ્રી સિદ્ધેશ્વર કાનુગા કરી રહ્યા છે.

આઝાદીની સુવર્ણ જયંતીના આ અવસરે, આજે ૧૦૦ વર્ષ પછી ગુજરાતના આદિવાસીઓનો સ્વાધિનતા સંગ્રામ પ્રજાસત્તાક પરેડના માધ્યમથી સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર થઈ રહ્યો છે એ જ આઝાદી માટે શહીદ થઈ ગયેલા ગુજરાતના આદિવાસીઓને સાચી શ્રદ્ધાંજલિ છે...

### ઈન્ડિયન પ્રીમિયર લીગની અમદાવાદ ટીમે ૩ ખેલાડીઓના નામ જાહેર કર્યા

# અમદાવાદની ટીમે હાર્દિક પંડ્યાને અને રાશિદ ખાન અને શુભમન ગિલને ખરીદ્યા

અમદાવાદ,તા.૨૨

હાર્દિક પંડ્યાએ ૨૦૧૫માં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી આઈપીએલમાં ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તે ટીમનો મહત્વનો સભ્ય બની ગયો છે. મુંબઈએ પંડ્યાને ૨૦૨૧ સુધી સતત તેમની સાથે જાળવી રાખ્યો હતો. જોકે, છેલ્લી બે સિઝનમાં તેના ફોર્મમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. આ સાથે ફિટનેસની સમસ્યા પણ તેના માર્ગમાં અવરોધ બની હતી અને તેના કારણે મુંબઈએ તેને જાળવી રાખ્યા બાદ આ વખતે તેને છોડ્યો હતો. પંડ્યા હાલમાં તેની ફિટનેસ પર કામ કરી રહ્યો છે અને હવે તે તેના ઘરેલુ રાજ્યની આઈપિએલ ફ્રેન્ચાઈઝીનું નેતૃત્વ કરશે. તે જ સમયે, રાશિદ ખાન પણ શરૂઆતથી સનરાઈઝર્સ હૈદરાબાદનો ભાગ હતો. તેણે ટીમ માટે સતત સારું પ્રદર્શન કર્યું હતું અને ટીમને ઘણી મોટી જીત અપાવી હતી. જોકે, આ વખતે તેની ફ્રેન્ચાઈઝી સાથેની વાતચીત ફળીભૂત થઈ ન હતી. રાશિદ ટીમનો સૌથી મોંઘો ખેલાડી બનવા માંગતો હતો, પરંતુ ફ્રેન્ચાઈઝીએ ટીમના કેપ્ટન કેન વિલિયમસનને આ દરજ્જો આપ્યો હતો, જેના કારણે રાશિદને છોડવો પડ્યો હતો. હવે રાશિદને અમદાવાદમાં કેપ્ટન હાર્દિકની બરાબર ૧૫ કરોડ રૂપિયાની ફી મળશે. ટીમનો ત્રીજો ખેલાડી શુભમન ગિલ છે. ભારતીય ક્રિકેટના શ્રેષ્ઠ ઉભરતા બેટ્સમેનોમાંના એક, ગિલ ૨૦૧૮ અંડર-૧૯ વર્લ્ડ કપની સફળતા પછી કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે જોડાયો. ગિલે કેકેઆર માટે સતત ટોચ પર બેટિંગ કરી હતી. જો કે, ફ્રેન્ચાઈઝીએ તેને છેલ્લી સિઝન બાદ છોડી દીધી હતી.ઈન્ડિયન પ્રીમિયર લીગની નવી સિઝનની મેગા ઓક્શન પહેલા અમદાવાદની નવી ફ્રેન્ચાઈઝીએ તેના ૩ ખેલાડીઓના નામ જાહેર કર્યા છે.



અમદાવાદે હાર્દિક પંડ્યાને પોતાનો કેપ્ટન બનાવ્યો છે, જ્યારે રાશિદ ખાન અને શુભમન ગિલને પણ ખરીદ્યા છે. શુક્રવારે ૨૧ જાન્યુઆરીએ, ફ્રેન્ચાઈઝીએ તેના ત્રણ ખેલાડીઓના નામની જાહેરાત કરી. બંને નવી લીગ ટીમો, અમદાવાદ અને લખનૌને મ્ઝઐં તરફથી મોટી હરાજી પહેલા ૩-૩ ખેલાડીઓને સાઈન કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો, જેનો બંને ફ્રેન્ચાઈઝીઓએ લાભ લીધો હતો. કેપિટલ્સની માલિકીની અમદાવાદ ફ્રેન્ચાઈઝીએ ટીમ ઈન્ડિયાના મજબૂત ઓલરાઉન્ડર હાર્દિકને કેપ્ટન બનાવ્યો હતો. ફ્રેન્ચાઈઝીએ ૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને હાર્દિકને સાઈન કર્યો છે. માત્ર હાર્દિક જ નહીં પરંતુ અમદાવાદે રાશિદ ખાન અને શુભમન ગિલ પર પણ ઘણા પૈસા ખર્ચ્યા છે. લીગના ઈતિહાસમાં સૌથી સફળ બોલરો અને વિદેશી ખેલાડીઓમાંના એક, અનુભવી અફઘાન લેગ-સ્પિનર ??રાશિદને પણ અમદાવાદે ૧૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે. દરમિયાન, ફ્રેન્ચાઈઝીએ યુવા ભારતીય બેટ્સમેન શુભમન ગિલ માટે ૮ કરોડ રૂપિયા ખર્ચ્યા છે, જે ગત સિઝન સુધી કોલકાતા નાઈટ રાઈડર્સનો ભાગ હતો. આ પછી ફ્રેન્ચાઈઝી પાસે હરાજી માટે માત્ર ૫૨ કરોડ રૂપિયા બચ્યા છે.

## ગ્રોસરી સ્ટોર

-આનંદ રાવ

રમણભાઈ અને હું ૧૯૭૦ના દાયકામાં અમેરીકા આવેલા. ત્યારથી ઓળખાણ ચાલુ જ છે. અઠવાડીયામાં એકાદ વખત સાથે શતરંજ (ચેસ) રમીએ છીએ.

રમણભાઈ અને સુધાબેનના લગ્નને પીસ્તાલીસ પુરાં થતાં હતાં. કુટુંબીઓએ એક રેસ્ટોરન્ટમાં ઉજવણી ગોઠવી હતી.

"રમણભાઈ, એનીવર્સરીના પ્રોગ્રામની બધી તૈયારી થઈ ગઈ?" મેં મારા પ્યાદાનું મ્હોરુ ચલાવતાં પુછ્યુ.

"બધુ થઈ ગયુ છે." એમની નજર ચેસબોર્ડ ઉપર હતી.

"રમણભૈ, આ પીસ્તલીસ વર્ષના લગ્નજીવનમાં તમારે અને સુધાબેન વચ્ચે ક્યારેય બરાબરની ગરમા ગરમ બોલાબોલી થઈ છે ખરી? સાચો જવાબ આપજો."

"એ તો થાય જ ને. ઘણી વાર થાય છે. એનીવર્સરીના પ્રોગ્રામમાં અમારા વીષે એવું કશુ બોલતા નહી પ્લીઝ.?"

"ના રે ના. આ તો અમસ્તુ જ મારી જાણ માટે."

"તો સાંભળો. એક ખાનગી વાત કહી દઉ. તમે નહી માનો." એમણે એમનું ઊંટ ચલાવ્યું. "જુઓ, અમારી વચ્ચે મોટામાં મોટો ઝગડો થાય છે ગ્રોસરીસ્ટોર બાબતનો. સુધા મને કોઈ દીવસ એની સાથે ગ્રોસરી સ્ટોરમાં આવવા દેતી નથી. કોઈ દીવસ નહી. મારે સ્ટોરના પાર્કીન્ગ લૉટમાં ગાડી પાર્ક કરીને બેસી રહેવાનું. એ અંદર જઈને બધી ખરીદી કરે. એ બહાર આવે એટલે મારે બધી ગ્રોસરી ઉઠાવીને ગાડીમાં ગોઠવવાની."

મને હસવુ આવી ગયુ. આવું કેમ થતું હશે?

"સાંભળો ..." રમણભાઈ આગળ બોલ્યા. "શરુઆતમાં હું એની સાથે સ્ટોરમાં જતો. પણ હું જો કોઈ વસ્તુ ઉઠાવીને શોપીંગ કાર્ટમાં મુકુ તો એ તરત બોલે. **'આ તો ઘરમાં છે. પાછુ મુકી દો. બગાડ નથી કરવો.'** કહ્યાગરા કંથની જેમ હું એ વસ્તુ પાછી અભેરાઈ ઉપર મુકી દઉ. પછી હું કોઈ બીજી વસ્તુ લઉ તો તરત તડુકે. **'એ કોઇ ખાતુ નથી. પાછુ મુકી દો. કોઇને એ ભાવતુ નથી.'** હું ચુપચાપ એ વસ્તુ પણ પાછી મુકી દઉ. કોઈપણ વસ્તુ હું કાર્ટમાં મુકી શકુ નહી. તરત હુકમ અને કચકચ શરુ થઈ જાય. હું જો કોઈ વાર અકળાઈને બોલુ તો તરત એ બોલી ઉઠતી ...**"સ્ટોરમાં લોકો વચ્ચે બોલાબોલી ના કરશો.'** હું ચુપ થઈ જતો. એના હાથમાં પૈસા પધરાવીને બહાર નીકળી જતો. એને નીરાંત થઈ જતી."

ચેસબોર્ડ ઉપર હું ચુપચાપ મારા ઘોડાની ચાલ ચાલ્યો.

"સાંભળો. બીજી એક વાત. એક વખત સુધાએ ઑફીસમાં મને ફોન કર્યો ... **'ઘરે આવતાં દુધનું એક ગેલન લેતા આવજો. દુધ એકદમ ખલાસ થઇ ગયું છે'** ... ઑફીસની બાજુના ગ્રોસરીસ્ટોરમાંથી મેં દુધનું ગેલન ઉપાડ્યુ અને ઘેર આવ્યો. એણે ગેલન જોયુ અને તડુકી. **'આ આપણું કાયમનું દુધ નથી. સવારે એની ચા પણ સરખી નહી થાય. તમે ગ્રોસરી સ્ટોરમાંથી એક વસ્તુ સરખી રીતે લાવી શકતા નથી. આપણા સ્ટોરમાં ગયા હોત તો...'**

મારો મીજાજ ગયો.

"દુધ બધે સરખુ જ હોય જુદા જુદા સ્ટોરોમાં જુદા જુદા નામે વેચાય એટલું જ." પણ મારી વાત એને ગળે ઉતરી નહી. એનો બબડાટ ચાલુ જ રહ્યો. હું મારા રુમમાં ચાલ્યો ગયો. ... આ રીતની મગજમારી ચાલ્યા કરે છે. એટલે હું કદી હવે ગ્રોસરીસ્ટોરમાં અંદર એની સાથે જવાની માથાકુટ કરતો જ નથી."

એટલામાં મારાં શ્રીમતી ચાના બે કપ ટેબલ ઉપર મુકી ગયાં. જતાં જતાં એમણે અમને ટોણો માર્યો.

"તમે લોકો ચેસ રમવા ભેગા થયા છો કે સુધાબેનની ખોડખાંપણો કાઢવા?"

હું અને રમણભાઈ એક બીજાનાં મોં સામે જોતા રહ્યા.

"રમણભાઈ, આ ગ્રોસરીસ્ટોરની વાત તો ઘરઘરની કહાની છે." મેં કહ્યું, "પતીદેવોને ખરીદી કરતાં આવડતી નથી. હવે એનો કોઈ ઈલાજ પણ નથી.. It's your move. ચાલ ચાલો."

"સાંભળો. સુધાની અકડાઈની હદ વીષે તમને વાત કરી દઉ." રમણભાઈએ કપમાંથી ચાનો ઘુંટ લીધો. ખોંખારો કરી ગળુ સાફ કર્યુ અને બોલ્યા, "લાંબો વીક-એન્ડ આવતો હતો એટલે સુધાએ મારા ભાઈઓને, એનાં ભાઈ બહેનોને અમારે ત્યાં ભેગા કરવાનું નક્કી કર્યુ. બહુ જ આનંદની વાત હતી. અમારા આખા કુટુંબને સુધાએ એના પ્રેમના તાંતણાથી મજબુત રીતે બાંધી રાખ્યું છે. ક્યાંય કોઈની વચ્ચે મતભેદો કે ઝગડા થવા દેતી નથી. વડીલ તરીકેના એના ડહાપણનો ઉપયોગ બધે બરાબર કરે છે - ફકત મારા શીવાય.

આટલા બધા માણસો ભેગા થવાનાં હતાં એટલે ગ્રોસરીનું એનું લીસ્ટ પણ ખાસ્સુ લાંબુ હતું. પારકીંગ લૉટમાં હું ગાડીમાંથી બહાર નીકળ્યો. બાજુમાં જ ખાલી કાર્ટ પડ્યુ હતુ તે મેં ખેંચ્યુ.

"ચાલ...આજે હું તારી સાથે અંદર આવુ છું."

"ના. અંદર તમારી શી જરુર છે? બધું શૉપીંગ કરીને હું તરત જ આવી જઉ છું. તમે બેસો નીરાંતે ગાડીમાં."

"હું અંદર આવીશ તો તારુ શું બગડી જવાનું છે?" હું અકળાયો. મારા અવાજમાં ગુસ્સો પણ હતો.

મારા ગુસ્સાની એના ઉપર ઉલ્ટી અસર થઈ.

"લો આ લીસ્ટ." એણે જોરથી લીસ્ટ માર ઉપર ફેંક્યુ. "જાવ અંદર અને બધુ ખરીદી આવો. હું ગાડીમાં બેસુ છું." બારણું ખોલી એ અંદર બેસી ગઈ અને ધડ દઈને બારણું બંધ કર્યુ.

મેં લીસ્ટ એના ખોળામાં પાછુ ફેંક્યું. સમસમતો ચુપચાપ ગાડીમાં મારી સીટ ઉપર આવીને બેસી ગયો. આટલી જીદ છે."

* * *

ત્રણેક વર્ષ વીતી ગયાં.

સુધાબેનની તબીયત લથડવા માંડી. ડૉકટરોએ નીદાન કર્યુ કે કેન્સર છેલ્લા સ્ટેજમાં પહોંચી ગયું છે. રમણભાઈ આખો વખત સુધાબેનની પથારી પાસે જ ગાળતા. સુધાબેન ઘેનમાં સુઈ રહેતાં. આજે એમણે ધીમેથી આંખ ખોલી. તરત જ રમણભાઈએ અધીરા થઈને એમનો હાથ પકડી લીધો.

"સુધા, તને સારુ લાગે છે ને? અત્યારે કેમ છે?"

"હું તો હવે બહુ મોટા ગ્રોસરી સ્ટોરમાં જઈ રહી છું." ધીમા, હાંફતા, થાકેલા અવાજે સુધાબેન બોલ્યાં. "તમે હંમેશની જેમ ગાડીમાં બેસીને મારી રાહ જોજો. હું ક્યારેક તો પાછી આવીશ. પછી તમે આપણા પેલા સૌથી નાના, નવા ગ્રાન્ડસનને કાર્ટમાં બેસાડીને મારી સાથે સ્ટોરમાં છેક અંદર આવજો."

સુધાબેન સહેજ મલક્યાં. પછી તરત એમની આંખો કાયમ માટે બંધ થઈ ગઈ. રમણભાઈ ડુમો ખાળી શક્યા નહી. ▯

### હુમલામાં મૃત્યુ થનાર ભારતીયો શોક વ્યક્ત કર્યો

# સંયુક્ત રાષ્ટ્રએ અબુ ધાબી પર થયેલ હુમલાની નિંદા કરી

યુએન,તા.૨૨

"હુતીઓએ હુમલાની જવાબદારી લીધી છે."૧૫ દેશોની પરિષદ દ્વારા આપવામાં આવેલા એક નિવેદનમાં સંયુક્ત રાષ્ટ્રની શક્તિશાળી ઈકાઈએ ૧૭ જાન્યુઆરીએ અબુધાબીમાં 'જઘન્ય આતંકવાદી હુમલા'ની સખત નિંદા કરી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "સુરક્ષા પરિષદના સભ્યોએ હુથી હુમલાના પીડિતોના પરિવારો અને ભારત અને પાકિસ્તાનની સરકારો પ્રત્યે ઊંડી સંવેદના અને સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોની ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની કામના કરી હતી," કાઉન્સિલના સભ્યોએ પુનરોચ્ચાર કર્યો હતો કે આતંકવાદ તેના તમામ સ્વરૂપો અને સ્વરૂપોમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે સૌથી ગંભીર ખતરો પૈકીનો એક છે. એક ટ્વિટમાં, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ, રાજદૂત ટીએસ તિરુમૂર્તિએ જણાવ્યું હતું કે UNSC નિવેદન "આ જઘન્ય આતંકવાદી હુમલાને સમાપ્ત કરવાની અમારી સામૂહિક ઈચ્છાને પુનઃપુષ્ટ કરે છે. જેમાં બે ભારતીયોએ દુઃખદ રીતે જીવ ગુમાવ્યો હતો." 'તેમણે કહ્યું, 'વિદેશ મંત્રી તરીકે ડૉ. એસ. જયશંકરે તેમનાં છઈ સમકક્ષને કહ્યું, ભારત આ આતંકવાદી હુમલાની સખત નિંદા કરે છઈ મધ્ય પૂર્વ પર સુરક્ષા પરિષદની ખુલ્લી ચર્ચામાં તિરુમૂર્તિએ અબુ ધાબીમાં આતંકવાદી હુમલાની સખત નિંદા કરી. વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે UAEના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી, જે દરમિયાન બંનેએ આતંકી હુમલા અંગે ચર્ચા કરી હતી.

# ઉત્તરાખંડમાં રાહુલ ગાંધીના હસ્તક્ષેપ બાદ ટિકિટ વિવાદ ઉકેલાયોં

ઉતરાખંડ,તા.૨૨

દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ અને પ્રિયંકાની હાજરીમાં ઝઈઝની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્ક્રીનિંગ કમિટીના અધ્યક્ષ અવિનાશ પાંડે સહિત અન્ય સભ્યો, પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવત, વિપક્ષના નેતા પ્રિતમ સિંહ અને પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોડિયાલ હાજર હતા.

આ બેઠકમાં ૫૫ ઉમેદવારોની પ્રથમ યાદી પર સહમતિ સધાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે અને ગાંધી પરિવારની મંજૂરી મળ્યા બાદ આજે તેની જાહેરાત થઈ શકે છે. બીજી તરફ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ગણેશ ગોડિયાલે જણાવ્યું કે ઉમેદવારોની યાદી શનિવારે જાહેર કરવામાં આવશે. તે જ સમયે, ભાજપે રાજ્યમાં તેની પ્રથમ યાદી જાહેર કરી છે. જે બાદ કોંગ્રેસ પર દબાણ છે. તે જ સમયે, કોંગ્રેસે ૧૫ બેઠકો પર નિર્ણય લીધો નથી. કારણ કે કોંગ્રેસની નજર ભાજપના બળવાખોરો પર છે. કારણ કે પાર્ટીએ ઘણા ધારાસભ્યોની ટિકિટ કાપી છે. તે જ સમયે, એવું કહેવામાં આવી રહ્યું છે કે ૧૫ સીટો પર સીઈસીએ ઉમેદવારોની પેનલના આધારે નિર્ણય લેવાનો છે. જેનો નિર્ણય હવે પછી લેવામાં આવશે.

# અમિત શાહ કૈરાનામાં ડોર ટુ ડોર પ્રચાર કરશે

કૈરાના,તા.૨૨

વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહેલીવાર ઉત્તર પ્રદેશમાં કોઈ રાજકીય કાર્યક્રમમાં ભાગ લેશે. અમિત શાહ શનિવારે પશ્ચિમ યુપીના કૈરાના જિલ્લાની મુલાકાત લેશે. ચૂંટણીના ૧૯ દિવસ પહેલા અમિત શાહ શામલી જિલ્લાની કૈરાના વિધાનસભા બેઠક પરથી ચૂંટણી પ્રચારની શરૂઆત કરવા જઈ રહ્યા છે. કૈરાના એ જ સ્થળ છે જ્યાં હિંદુ સ્થળાંતરનો મુદ્દો દેશમાં હેડલાઈન્સ બન્યો હતો. અમિત શાહનું હેલિકોપ્ટર કૈરાના પબ્લિક ઈન્ટર કોલેજના હેલિપેડ પર ઉતર સ્થળાંતર પીડિતાના પરિવારને મળવા સીધો જશે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



NOG.SS. NO - 0099

વિષય- ખાના ખજાના

પ્રકાર- ગદ્ય
શીર્ષક- ચોખાની વાનગીઓ
શબ્દો- ૨૫૦

દક્ષિણ ગુજરાતનો વલસાડ જિલ્લાનો વિસ્તાર એટલે ચોખાની અવનવી અને સ્વાદિષ્ટ વાનગીનો ભંડાર. નહિવત્ મસાલા નાખીને ચોખાના લોટની સુંદર વાનગીઓ બનાવવાની પ્રતિભા અહીંના લોકો ધરાવે છે. ચોખાના લોટમાંથી બનતી વાનગીઓ ઝડપથી બને છે અને
મીઠાશવાળી હોય છે.

(૧) ચોખાના કરકરા લોટમાંથી બનતી વાનગીઓ.

ચોખાના કરકરા લોટમાંથી હાંડવો, ઢોકળા, પાતરા, મુઠીયાં, કપુરીયા, વેજ ખમણ, લોટીયું, રાઈસ ઉપમા, પૂળા, લોચો, વડી, ઈડલી, ઢોસા, ચકરી વગેરે લાળ ટપકાવતી વાનગીઓ બનાવી શકાય છે. આ દરેક પ્રકારની વાનગી બનાવતી વખતે ચોખાના લોટમાં બે મુઠ્ઠી જેટલો ચણાની દાળ, તુવેરની દાળ કે મગની દાળનો કરકરો લોટ ઉમેરી શકાય.

(૨) ચોખાના બારીક લોટમાંથી બનતી વાનગીઓ.

ચોખાના બારીક લોટમાંથી રોટલા, ઢેબળા, શિરોટો, ખિચિયા પાપડી, મીઠી રોટલી, શેરડીનાં રસની રસેલી વગેરે સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી શકાય છે.

આ ઉપરાંત તૂટેલા ચોખા (વાટલા)માંથી નરમ ખીચડી અને વેજીટેબલ ખીચડો બનાવી શકાય છે. અક્ષત ચોખા રાંધીને દાળ, કઢી કે મોળીદાળ સાથે ખાવાની મજા જ અલગ છે. વઘારેલો ભાત એટલે સ્ત્રીઓ માટે સૌથી સરળ અને હાથવગી વાનગી. આ ઉપરાંત દૂધપાક અને ખીર ખાવાનો તો આનંદ જ અનોખો હોય છે.

મિત્રો, ક્યારેક જો દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં તમારું આવવાનું થાય તો ચોક્કસ ચોખાની અવનવી વાનગીનો લાભ લેજો, ખૂબ આનંદ થશે.

ભાવનાબેન મિસ્ત્રી "અભય"
,વલસાડ

## ઓસ્ટ્રિયામાં રસીકરણને ફરજિયાત બનાવવા માટે બિલ પસાર

ઓસ્ટ્રેલીયા,તા.૨૨

બિલ લાગુ થશે તો ઓસ્ટ્રિયા યુરોપનો પહેલો દેશ બની જશે, જ્યાં રસીકરણને લઈને આવા કડક નિયમો લાગુ થશે. કોરોના સંક્રમણમાં સતત વધારાનો સામનો કરી રહેલા ઓસ્ટ્રિયામાં નવેમ્બરથી આ બિલ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. તે સમયે તે ૧૪ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને લાગુ કરવા માટે સંમત થયા હતા, પરંતુ બાદમાં તે વધારીને ૧૮ વર્ષ કરવામાં આવ્યું હતું. જોકે, ઉપલા ગૃહમાંથી બિલ પાસ થયા બાદ પણ રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર વાન બિલ ડેરની સહી જરૂરી રહેશે. ઑસ્ટ્રિયાની લગભગ ૭૨% વસ્તીએ રસીના બંને ડોઝ પહેલેથી જ મેળવી લીધા છે. યુરોપિયન દેશોના આંકડા અનુસાર, તે સૌથી ઓછું છે. ગયા મહિને જ અહીં ચોથું લોકડાઉન સમાપ્ત થયું હતું. કોરોનાનું નવું ઓમિક્રોન વેરિઅન્ટ સામે આવ્યા બાદ અહીં કેસ ઝડપથી વધ્યા છે. તેથી, સરકાર આગામી લોકડાઉન લાદવાનું ટાળવા માટે રસીકરણ ફરજિયાત બનાવવા માંગે છે. ઑસ્ટ્રિયાની લગભગ ૭૨% વસ્તીએ રસીના બંને ડોઝ પહેલેથી જ મેળવી લીધા છે. યુરોપિયન દેશોના આંકડા અનુસાર, તે સૌથી ઓછું છે. ગયા મહિને જ અહીં ચોથું લોકડાઉન સમાપ્ત થયું હતું. કોરોનાનું નવું ઓમિક્રોન વેરિઅન્ટ સામે આવ્યા બાદ અહીં કેસ ઝડપથી વધ્યા છે. તેથી, સરકાર આગામી લોકડાઉન લાદવાનું ટાળવા માટે રસીકરણ ફરજિયાત બનાવવા માંગે છે. જો કે ઓસ્ટ્રિયાના કેટલાક નેતાઓ સરકારના આ પગલાની ટીકા પણ કરી રહ્યા છે. વિરોધ પક્ષ સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ પામેલા રેન્ડી-વેગનરે આનો વિરોધ કર્યો છે. વ્યવસાયે ડૉક્ટર પામેલા કહે છે કે આ એક ઈમરજન્સી જેવું પગલું છે. આ સામાન્ય માણસના મૂળભૂત અધિકારોનું સીધું ઉલ્લંઘન છે. તેનાથી વિપરીત પામેલાની પાર્ટીના ઘણા સાંસદો સરકારના બિલને સમર્થન આપી રહ્યા છે. બિલ અનુસાર, જે પણ સરકારના આ નિયમનું પાલન નહીં કરે તેને ૬૦૦ યુરો (૬૮૦ ડોલર અથવા ૫૦,૫૭૭ રૂપિયા)નો દંડ ફટકારવામાં આવશે. આ નિયમ ૧૫ માર્ચથી લાગુ કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિ દંડ ભરવાનો ઈનકાર કરે છે, તો રકમ વધારીને ૩,૬૦૦ યુરો કરવામાં આવશે.વિશ્વભરમાં વધી રહેલા કોરોના કેસોએ સરકારોને કડક કાર્યવાહી કરવાની ફરજ પાડી છે. હવે યુરોપિયન દેશ ઓસ્ટ્રિયા રસીકરણને ફરજિયાત બનાવવા જઈ રહ્યું છે. ત્યાંના નીચલા ગૃહમાં આ માટે એક બિલ પણ પસાર કરવામાં આવ્યું છે. જો ઉપલા ગૃહમાં પણ આ બિલ પાસ થઈ જશે તો આ કાયદો ૧ ફેબ્રુઆરીથી અમલમાં આવી જશે.

## દેશમાં કોરોના વેક્સિનેશનની કામગીરી પૂરજોશમાં

નવીદિલ્હી,તા.૨૨

દેશમાં કોરોનાના ૩,૩૭,૭૦૪ નવા કેસ નોંધાયા છે અને ૪૮૮ દર્દીઓના કોરોનાને કારણે મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યુ હતુ કે દેશમાં કોવિડ-૧૯ની સારવાર હેઠળ દર્દીઓની સંખ્યા વધીને ૨૧,૧૩,૩૬૫ થઈ ગઈ છે, જે કુલ કેસના ૫.૪૩ ટકા છે.જયારે રિકવરી રેટ ૯૩.૩૧ ટકા પર પહોંચ્યો છે. ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં ૨,૪૨,૬૭૬ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે, આ સાથે કુલ આંકડો ૩,૬૩,૦૧,૪૮૨ પર પહોંચ્યો છે.

ઓમિક્રોનના અત્યાર સુધીમાં ૧૦,૦૫૦ કેસ મળી આવ્યા છે, જેમાં સોમવારની સરખામણીમાં ૩.૬૯ ટકાનો વધારો થયો છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ હતુ કે, અત્યાર સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી મફત અને સીધી રાજ્ય સરકારની પ્રાપ્તિ ચેનલો દ્વારા રાજ્યોને રસીના ૧૬૦.૫૮ કરોડ થી વધુ ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. હાલમાં કોવિડ-૧૯ રસીના ૧૨.૭૯ કરોડ થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે ઉપલબ્ધ છે, જેનું સંચાલન થવાનુ છે. AIIMSના મેડિસિન વિભાગના પ્રોફેસર ડૉ.નીરજે જણાવ્યુ છે કે રસીકરણથી દેશને ફાયદો થયો છે. રસીકરણને કારણે ઓમિક્રોન વેરિઅન્ટ હળવા લક્ષણોવાળું સાબિત થયુ છે. ઘણા રાજયોમાંથી મળેલા આંકડાઓથી એ વાતની પુષ્ટિ થઈ છે કે જેમણે રસી લીધી ન હતી તેમને કોરોનાએ ગંભીર રીતે અસર કરી છે. જો કે, જે રાજ્યોમાં રસીકરણની ગતિ ધીમી છે, ત્યાં તેમણે કામગીરી વધારવા સૂચના આપી છે.દેશમાં ફરી એક વાર કોરોનાએ માથુ ઉંચક્યુ છે. છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ત્રણ લાખથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. આરોગ્ય મંત્રાલયના ડેટા અનુસાર, દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૬૧.૧૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ લાખથી વધુ લોકોને રસીના ડોઝ આપવામાં આવ્યા છે. બીજી તરફ કોરોનાના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને ટેસ્ટ પણ વધારવામાં આવ્યા છે. કોવિડ -૧૯ ના પરીક્ષણની વાત કરીએ તો, અત્યાર સુધીમાં ૭૧.૩૪ કરોડ લોકોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૯,૬૦,૯૫૪ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

# મનુષ્યના મગજમાં ચીપ લગાવવાનો એલન મસ્કનો ડ્રીમ પ્રોજેક્ટ



અમેરિકા,તા.૨૨

મસ્કે આ સ્ટાર્ટઅપ ૨૦૧૬માં સાન ફ્રાન્સિસ્કો બે એરિયામાં શરૂ કર્યું હતું. તેના દ્વારા અલ્ઝાઈમર, ડિમેન્શિયા અને કરોડરજ્જુની ઈજાઓ જેવી ન્યુરોલોજીકલ સમસ્યાઓની સારવાર માટે માનવ મગજમાં કોમ્પ્યુટર ઈન્ટરફેસ ઈમ્પ્લાન્ટ કરવાનું લક્ષ્ય છે. આ પ્રોજેક્ટ સાથે મસ્કનું લાંબા ગાળાનું ધ્યેય માનવ અને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ વચ્ચેના સંબંધની શોધ કરવાનો છેક્ મસ્કે લખ્યું છે કે ન્યુરાલિંક ઈમ્પ્લાન્ટ સલામતી સુનિશ્ચિત કરવા માટે પૂરતી ઝડપ વધારવાનું ખૂબ જ મુશ્કેલ કાર્ય હાથ ધરી રહી છે. તે યુએસના ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) સાથે પણ સંપર્કમાં છે. જો બધું જ ઠીક રહ્યું તો અમે આ વર્ષની શરૂઆતમાં માનવ અજમાયશ કરવા સક્ષમ થઈ શકીએ છીએ. મસ્કે ખાનગી સોશિયલ એપ ક્લબહાઉસ પર એક ઈન્ટરવ્યુ દરમિયાન ખુલાસો કર્યો હતો કે ન્યુરાલિંકે વાંદરાના મગજમાં વાયરલેસ ઈમ્પ્લાન્ટ કર્યું હતું. જે બાદ તે પોતાના મગજની મદદથી જ વીડિયોગેમ્સ રમી રહ્યો હતો. અગાઉ, ન્યુરાલિંક પણ આ ચિપને ભૂંડના મગજમાં મૂકીને ટ્રાયલ કરી રહી છે.વિશ્વના સૌથી અમીર વ્યક્તિ એલન મસ્ક માનવ મગજમાં ચિપ નાખવાની તૈયારી કરી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ટેક્નોલોજી દ્વારા વ્યક્તિ આંગળીઓ કરતાં પણ વધુ ઝડપથી ફોન ચલાવી શકશે. એલન મસ્કની કંપની ન્યુરાલિંક આ મગજની ચિપનું માનવો પર પરીક્ષણ શરૂ કરવાની તૈયારી કરી રહી છે. એલોન મસ્કએ વર્ષ ૨૦૧૬માં આ સ્ટાર્ટઅપની સહ-સ્થાપના કરી હતી. આ ચિપ પેજર નામના વાંદરાની અંદર અને ડુક્કરની અંદર લગાવવામાં આવી છે અને તે કામ પણ કરી રહી છે. એલન મસ્કનું કહેવું છે કે આ ચિપની મદદથી પેરાલિસિસથી પીડિત વ્યક્તિ પોતાની આંગળીઓ વડે મગજ કરતાં વધુ ઝડપથી સ્માર્ટફોન ચલાવી શકશે. આ સ્ટાર્ટઅપ હવે માનવો પર આ ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે ક્લિનિકલ ટ્રાયલ્સ માટે સીધી ભરતી કરી રહ્યું છે. આની જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે ક્લિનિકલ ટ્રાયલના ડિરેક્ટર તરીકે તમને ન્યુરાલિંકની પ્રથમ ક્લિનિકલ ટ્રાયલમાં સામેલ સૌથી પ્રતિભાશાળી ડૉક્ટરો, ટોચના એન્જિનિયરો અને મનુષ્યો સાથે કામ કરવા મળશે. ડિરેક્ટરને ફ્રેમોન્ટ, કેલિફોર્નિયામાં કામ કરવું પડશે. એલન મસ્ક વિશ્વના સૌથી અમીર વ્યક્તિ છે અને તેમની પાસે હાલમાં ૨૫૬ બિલિયન ડોલરની સંપત્તિ છે. ગયા મહિને મસ્કે આશા વ્યક્ત કરી હતી કે આ ટેક્નોલોજીની મદદથી જે લોકો બીમારીના કારણે ચાલી શકતા નથી તેઓ ફરીથી ચાલી શકશે. મસ્કે એવી પણ જાહેરાત કરી છે કે માનવ મગજમાં કોમ્પ્યુટર ચિપ લગાવવાની યોજના આ વર્ષના અંત સુધીમાં શરૂ કરી દેવામાં આવશે. મસ્કએ કહ્યું કે જો બધું બરાબર રહ્યું તો ન્યુરાલિંક નામથી શરૂ કરાયેલા મગજના કોમ્પ્યુટર ઈન્ટરફેસ સ્ટાર્ટઅપનું હ્યુમન ટ્રાયલ આ વર્ષના અંત સુધીમાં શરૂ થઈ જશે.

## કોંગ્રેસના ઉમેદવાર સુપ્રિયા એરન સમાજવાદી પાર્ટીમાં જોડાયા

ઉતરપ્રદેશ,તા.૨૨

યુપી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને મોટો ઝાટકો લાગ્યો છે. બરેલી કેન્ટથી કોંગ્રેસના ઉમેદવાર સુપ્રિયા એરન અખિલેશ યાદવની હાજરીમાં સપામાં સામેલ થયા છે. સુપ્રિયા એરન પૂર્વ મેયર છે. સુપ્રિયા એરનના પતિ પ્રવીણ એરન પૂર્વ સાંસદ છે. આ અવસર પર સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યુ છે કે પાર્ટીમાં સુપ્રિયા એરનનું સ્વાગત છે. તેઓ કોઈ બહારથી પાર્ટીમાં આવ્યા નથી તેઓ પહેલાં સપામાં જ હતા. યુપીમાં સમાજવાદી પાર્ટીની સરકાર બનવા જઈ રહી છે. સપા સુપ્રીમો અખિલેશ યાદવે કહ્યુ કે યુપીની પ્રજા માટે અમે કેટલાંક નિર્ણયો લીધા છે. સપાએ નવા વર્ષ પર નક્કી કર્યું હતું કે યુપીમાં સરકારમાં આવવા પર ૩૦૦ યુનિટ ફ્રીમાં વીજળી મળશે. ખેડૂતોને સિંચાઈ માટે ફ્રીમાં વીજળી આપશે.મૈનપુરી જિલ્લાની કરહાલ વિધાનસભા બેઠક પરથી સમાજવાદી પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અખિલેશ યાદવને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. અખિલેશ યાદવે પહેલેથી જ ચૂંટણી મેદાનમાં પ્રવેશવાની જાહેરાત કરી દીધી હતી. શનિવારે સપાના મહાસચિવ રામ ગોપાલ યાદવે પાર્ટી કાર્યાલયમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણી મેદાનમાં પ્રવેશવાની જાહેરાત કરી.

## કેનેડા-યુએસ બોર્ડર પર ઠંડીથી મોત થનાર ગુજરાતી પરિવાર હોવાની આશંકા

અમદાવાદ,તા.૨૨

અમેરિકા-કેનેડાની બોર્ડર પર હૃદયદ્રાવક દુર્ઘટનામાં ચાર ભારતીય નાગરિકનાં અતિશય ઠંડીને કારણે મોત થયાં છે. મૃતકોમાં એક બાળક પણ સામેલ છે. જોકે આ ઘટનાને માનવ તસ્કરી સાથે જોડાયેલો મામલો માનવામાં આવે છે. મૈનટોબા રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (આરસીએમપી)એ ગુરુવારે જણાવ્યું હતું કે એમર્સનની નજીક કેનેડા-અમેરિકા બોર્ડર પર કેનેડા તરફ બુધવારે ચાર શબ મળ્યા હતા, જેમાં બે શબ વયસ્કોના,એક કિશોર અને એક બાળક છે, જ્યારે શબ બરામદ થયા ત્યારે ત્યાં માઈનસ ૩૫ ડીગ્રી તાપમાન હતું.

અમેરિકન અધિકારીઓએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે માનવામાં આવી રહ્યું છે કે મૃતક ભારતથી આવ્યા હતા અને કેનેડાથી અમેરિકાની સરહદમાં દાખલ થવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આરસીએમપીના મદદનીશ કમિશનર જેન મૈક્લેચીએ કહ્યું હતું કે આ ખૂબ જ દુઃખદ ઘટના છે. પ્રારંભિક તપાસમાં લાગે છે કે તમામનાં મોત ઠંડીમાં ઠૂંઠવાઈ જવાને કારણે થયાં છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આરસીએમપીનું માનવું છે કે ચારે મૃતક એ ગ્રુપનો હિસ્સો હતા જેમણે બોર્ડરની નજીક અમેરિકન ક્ષેત્રથી પકડવામાં આવ્યા છે. ચારેય મૃતદેહ બોર્ડરથી ૯થી ૧૨ મીટરના અંતરે મળ્યા છે. બરફના તોફાનમાં થીજી જવાને કારણે મૃત્યુ પામ્યા હતા.

## કેન્દ્રીય મંત્રી વિશ્વેશ્વર ટુડુ પર મારપીટ કરવાની ફરિયાદ નોંધાઈ

નવીદિલ્હી,તા.૨૨

બિશ્વેશ્વર ટુડુ મયુરભૂંજથી ભાજપના સાંસદ છે અને ગયા વર્ષે જુલાઈમાં કેબિનેટની પુનઃરચના દરમિયાન પીએમ મોદીએ તેમને રાજયકક્ષાના મંત્રી બનાવ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ તેમના કાર્યાલયમાં બેઠક બોલાવી હતી. આ બેઠકમાં જિલ્લા આયોજન અને મોનીટરીંગ યુનિટના નાયબ નિયામક અશ્વિનીકુમાર મલિક અને આસિસ્ટન્ટ ડાયરેક્ટર દેબાશીષ મહાપાત્રાને બોલાવવામાં આવ્યા હતા. આ ઘટના શુક્રવારે બની હતી. પીડિતોનું કહેવું છે કે સમીક્ષા બેઠક દરમિયાન મંત્રી કોઈ વાતને લઈને ખૂબ જ ગુસ્સે થઈ ગયા અને અંદરથી દરવાજો બંધ કરીને બંને અધિકારીઓ પર ખુરશી વડે હુમલો કર્યો. આ હુમલામાં દેબાશીષ મહાપાત્રાનો હાથ તૂટી ગયો છે. જ્યારે અશ્વિની કુમાર મલિકને ઈજા પહોંચી છે. બંને અધિકારીઓને પીઆરએમ મેડિકલ કોલેજ, બારીપાડામાં દાખલ કરવામાં આવ્યા છે. બે સરકારી અધિકારીઓની ફરિયાદના આધારે બારીપાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં આઈપીસીની કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪ અને ૫૦૬ હેઠળ કેન્દ્રીય મંત્રી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત અધિકારીઓમાંના એક દેબાશીષ મહાપાત્રાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીએ પહેલા અમને ઠપકો આપ્યો હતો કે અમે પ્રોટોકોલનું ઉલ્લંઘન કર્યું છે. અમે તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો કે જો અમે આદર્શ આચારસંહિતા સમયે ફાઈલો સાથે તેમની ઓફિસમાં જઈશું તો તે અયોગ્ય હોત. રાજ્યમાં આગામી પંચાયત ચૂંટણીને કારણે આદર્શ આચારસંહિતા લાગુ છે. પરંતુ તેઓ ગુસ્સે થઈ ગયા અને અમને મારવાનું શરૂ કરી દીધું. દરમિયાન કેન્દ્રીય મંત્રી બિશ્વેશ્વર ટુડુએ આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે આ પંચાયત ચૂંટણી પહેલા તેમની છબી ખરાબ કરવાનો પ્રયાસ છે. તેમણે કહ્યું કે આરોપો ખોટા અને પાયાવિહોણા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેઓ મારી પાસે આવ્યા, અમે લગભગ અડધો કલાક બેઠા, બપોરના ભોજનનો સમય હતો, સમીક્ષા બેઠક પૂર્ણ થઈ શકી ન હતી, તેથી મેં તેમને આવતીકાલે ફરીથી આવવા કહ્યું, પછી તેઓ ક્યારેય પાછા આવ્યા નહીં.

## ચીનને અમેરિકાએ આપ્યો જડબાતોડ જવાબ

અમેરિકા,તા.૨૨

ડેલ્ટા એરલાઈન્સ યુનાઈટેડ એરલાઈન્સ અને અમેરિકન એરલાઈન્સના કેટલાક મુસાફરો વાયરસથી સંક્રમિત જણાયા બાદ ચીને આ એરલાઈન્સની ફ્લાઈટના દેશમાં પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો હતો. અમેરિકા કહ્યું છે કે ચીનના પગલાંથી દરેક દેશમાં અન્ય કોઈપણ દેશની એરલાઈન્સની ઍક્સેસ પરની સંધિનું ઉલ્લંઘન થયું છે. પરિવહન વિભાગે જણાવ્યું હતું કે અમેરિકન એરલાઈન્સની ૪૪ ફ્લાઈટ્સને અવરોધિત કરવાનો ચીનનો નિર્ણય "જનહિતની વિરુદ્ધ છે અને વિભાગને સમાન પ્રમાણમાં બદલો લેવાની જરૂર છે.

" યુએસ ઓર્ડર હેઠળ, એર ચાઈના, ચાઈના ઈસ્ટર્ન એરલાઈન્સ, ચાઈના સધર્ન એરલાઈન્સ અને ઝિયામેન એરલાઈન્સની ૪૪ ફ્લાઈટ્સ ૩૦ જાન્યુઆરીથી ૨૯ માર્ચ વચ્ચે રદ કરવામાં આવશે. ૩૧ ડિસેમ્બરથી ચીનના સત્તાવાળાઓએ ૨૦ યુનાઈટેડ એરલાઈન્સ, ૧૦ અમેરિકન એરલાઈન્સ અને ૧૪ ડેલ્ટા એર લાઈન્સની ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી છે જ્યારે કેટલાક મુસાફરોને કોરોના ચેપ લાગ્યો હતો. વોશિંગ્ટનમાં ચીની દૂતાવાસના પ્રવક્તા લિયુ પેંગ્યુએ શુક્રવારે જણાવ્યું હતું કે ચીનમાં પ્રવેશતી આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઈટ્સ માટેની નીતિ "ચીની અને વિદેશી એરલાઈન્સ માટે સમાન રીતે ન્યાયી, ખુલ્લી અને પારદર્શક રીતે" છે.

## અમેરિકાના અલાસ્કામાં ૬ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો

અમેરિકા,તા.૨૨

દક્ષિણ અલાસ્કામાં ૫.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને લોકોએ એક્રરેજ અને આસપાસના વિસ્તારોમાં આંચકા અનુભવ્યા હતા. યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્ર અલાસ્કાના ઉત્તરપશ્ચિમમાં ૪૯ કિલોમીટર અથવા ૩૦ માઈલ દૂર નિનિલચિકમાં હતું. જ્યારે લોકોના ઘરો એક્રરેજથી ૧૮૬ માઈલ (૨૯૯ કિલોમીટર) દક્ષિણ-પશ્ચિમમાં સ્થિત છે. ભૂકંપ કેન્દ્રે જણાવ્યું હતું કે સમગ્ર એક્રરેજ અને માત્સુ ખીણમાં આંચકા અનુભવાયા હતા. તેની ઊંડાઈ ૭૩ માઈલ (૧૧૭.૩ કિમી) હતી. યુએસ સુનામી વોર્નિંગ સિસ્ટમે કહ્યું કે સુનામીનો કોઈ ખતરો નથી. જો કે, યુ.એસ.જી.એસ એ કહ્યું કે ભૂકંપ પછીના આંચકા અનુભવી શકાય છે . અગાઉ, જ્યારે ટોંગામાં પાણીની અંદરનો જ્વાળામુખી ફાટ્યો હતો, ત્યારે અલાસ્કા હજુ પણ જોખમમાં હતું. વિસ્ફોટનો અવાજ છેક અલાસ્કા સુધી સંભળાયો હતો. તેમજ સુનામીની ચેતવણી પણ આપવામાં આવી હતી. ૧૨ જાન્યુઆરીએ અલાસ્કામાં પણ ભૂકંપ આવ્યો હતો. તીવ્ર ભૂકંપની તીવ્રતા ૬.૮ હતી, સાથે જ ભૂકંપના આફ્ટરશોક્સ પણ અનુભવાયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે આમાંના ઘણા ભૂકંપનું કેન્દ્ર ઉત્તર પેસિફિકમાં સમુદ્રની નીચે હતું. જ્યારે અહીં એક જ દિવસમાં ઘણી વખત ભૂકંપ આવ્યા ત્યારે સિસ્મોલોજીસ્ટ નતાલિયા રુપર્ટે કહ્યું કે આટલા મજબૂત ધરતીકંપો સતત આવે તે એકદમ અસામાન્ય છે. મોડી રાત્રે લગભગ ૨.૩૬ કલાકે સૌથી ભયાનક ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જેની તીવ્રતા ૬.૮ હતી અને થોડીવાર બાદ ભૂકંપના આફ્ટરશોક પણ અનુભવાયા હતા. તેનું કેન્દ્ર નિકોલ્સ્કીના દક્ષિણપૂર્વમાં લગભગ ૪૦ માઈલ (૬૪ કિમી) હતું. નિકોલ્સ્કી એ અલાસ્કાના ઉન્માક આઈલેન્ડ પર રહેતા ૩૯ રહેવાસીઓનો સમુદાય છે.અમેરિકાના અલાસ્કામાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. અહીં સવારે ૧૦.૪૭ કલાકે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૦ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર, ભૂકંપ અલાસ્કાના એન્ડ્રીઆનોફ ટાપુઓના ૬૮૧ કિમી પૂર્વ-ઉત્તરપૂર્વમાં આવ્યો હતો. અલાસ્કામાં ધરતીકંપ કોઈ નવી વાત નથી. બે દિવસ પહેલા પણ અહીં ભૂકંપ આવ્યો હતો.

### વિવિધ જિલ્લા અધિકારીઓ સાથે વડાપ્રધાનની ચર્ચા

# પછાત વિસ્તારો પણ હવે વિકાસના માર્ગ આગળ વધી રહ્યા છે : વડાપ્રધાન

,નવીદિલ્હી,તા.૨૨

અનેક જિલ્લાઓમાં કુપોષણ દરમાં કેટલાક સમયથી ક્રમશ ઘટાડો જોવા મળ્યો છે. ઉપરાંત પછાત જિલ્લાઓ પણ હવે વિકાસના માર્ગ આગળ વધી રહ્યા હોય તેવુ લાગી રહ્યુ છે. આજે મહત્વાકાંક્ષી જિલ્લાઓ દેશની પ્રગતિમાં આવતા અવરોધોને દૂર કરી રહ્યા છે. તમારા બધાના પ્રયાસોથી મહત્વાકાંક્ષી જિલ્લાઓ મડાગાંઠને બદલે દોડવીર બની રહ્યા છે. જીવનમાં લોકો તેમની આકાંક્ષાઓ માટે દિવસ-રાત મહેનત કરે છે અને અમુક હદ સુધી તેને પૂર્ણ કરે છે. દેશને મહત્વાકાંક્ષી જિલ્લામાં જે સફળતા મળી રહી છે તેનું એક મોટું કારણ કન્વર્જન્સ છે. PMએ કહ્યુ, 'એક તરફ યોજનાઓ બનતી રહી, આર્થિક વિકાસ પણ આંકડાઓમાં થતો રહ્યો, પરંતુ આઝાદીના ૭૫ વર્ષ પછી પણ દેશના ઘણા જિલ્લા પાછળ રહી ગયા છે. જે જિલ્લાઓ એક સમયે ઝડપી પ્રગતિ કરી રહ્યા હોવાનું માનવામાં આવતુ હતુ, આજે આ મહત્વાકાંક્ષી જિલ્લાઓ પણ ઘણા માપદંડોમાં સારી કામગીરી દર્શાવે છે.

મુખ્યમંત્રીઓ પણ માને છે કે તેમના રાજ્યોમાં મહત્વાકાંક્ષી જિલ્લાઓએ અદ્ભુત કામ કર્યું છે. આ દરમિયાન વડા પ્રધાન મોદીએ જિલ્લાઓમાં સરકારી યોજનાઓ અને કાર્યક્રમોના અમલીકરણની પ્રગતિ અને વર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પીએમ મોદીના નેતૃત્વમાં સરકારે દેશભરમાં વૃદ્ધિ અને વિકાસની અસમાનતાને દૂર કરવા માટે સતત અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. આ તમામ નાગરિકોના જીવનધોરણને ઉંચુ લાવવા અને તમામ માટે સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વીડિયો કોન્ફરસ દ્વારા વિવિધ જિલ્લાના ડીએમ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન વડા પ્રધાન મોદીએ કહ્યુ કે, અનેક જિલ્લામાં કુપોષણનો દર ઘટ્યો છે. તેમજ પછાત વિસ્તારો પણ હવે વિકાસના માર્ગ આગળ વધી રહ્યા છે.

